# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-09-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Wendneday** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતનું સ્વપ્ન છે કે વિશ્વની દરેક ડિવાઇસમાં ભારતની ચિપ હોય.
- ❖ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્રીન હાઇડ્રોજન પરની આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા જણાવ્યું કે, આબોહવા પરિવર્તન અને ઊર્જા સંક્રમણ એ વૈશ્વિક ચિંતાનો વિષય છે.
- ❖ સરકારે સાઇબર ગુના અને આર્થિક છેતરપિંડી સાથે સંકળાયેલા 1 કરોડથી વધુ મોબાઇલ જોડાણો રદ કર્યા.
- ❖ કથિત શરાબ નીતિ કૌભાંડમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આજે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.
- ❖ વિયેતનામમાં વાવાઝોડા યાગીને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનમાં 141 લોકોના મોત. - 59 લોકો ગુમ.
- ❖ ભારતમાં એપ્રિલથી ઓગષ્ટ દરમિયાન કોલસાના ઉત્પાદનમાં 62 ટકા વધારો થયો.

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM Semicon

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, ભારતનું સ્વપ્ન છે કે વિશ્વની દરેક ડિવાઇસમાં ભારતની ચિપ હોય. સરકાર સેમીકન્ડક્ટર ઉત્પાદનને વધારવા માટે અનેક પગલાં લઈ રહી છે.

ગ્રેટર નોઈડામાં ઇન્ડિયા એક્સ્પો માર્ટમાં સેમિકોન ઈન્ડિયા 2024નું ઉદ્ઘાટન કરતા શ્રી મોદીએ જણાવ્યું કે, ભારતમાં ડેટા સેન્ટરની માંગમાં સતત વધારો થઈ રહ્યો છે. 85 હજાર ટેકનિશિયન્સ અને એન્જિનિયર્સ સેમિકન્ડક્ટર વર્કફોર્સ તૈયાર કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, આજનો યુગ સિલિકોન ડિપ્લોમસીનો યુગ છે અને ડિઝાઇનિંગની દુનિયામાં ભારતનું 20 ટકા પ્રદાન છે. ભારતનાં ઇલેક્ટ્રોનિક બજારને 500 અબજ ડોલર સુધી પહોંચાડવાનો લક્ષ્ય છે એમ તેમણે જણાવ્યું હતું.

ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રમાં રહેલી તકો અંગે તેમણે આ મુજબ જણાવ્યું.....

## (ઓડિયો – પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી)

ત્રણ દિવસની આ પરિષદની થીમ છે - "સેમીકન્ડક્ટરનાં ભાવિને આકાર આપવો." આ પરિષદ ભારતની સેમિકન્ડક્ટર વ્યૂહરચના અને નીતિને પ્રદર્શિત કરશે જે ભારતને સેમિકન્ડક્ટર માટે વૈશ્વિક હબ બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, સેમિકોન ઇન્ડિયા વૈશ્વિક નેતાઓ, કંપનીઓ અને સેમિકન્ડક્ટર ઉદ્યોગના નિષ્ણાતોને એક મંચ પર લાવશે. કોન્ફરન્સમાં 250થી વધુ પ્રદર્શકો અને 150 વક્તાઓ ભાગ લેશે. ભારત સેમિકન્ડક્ટર ઉત્પાદન માટેનું તંત્ર નિર્માણ કરવા માટે પ્રતિબદ્ધ છે અને ઇલેક્ટ્રોનિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરીને ટેક્નોલોજી ક્રાંતિનું નેતૃત્વ કરી રહ્યું છે.

# PM-GREEN HYDROGEN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ભાર મૂકતાં કહ્યું કે, આબોહવા પરિવર્તન અને ઊર્જા સંક્રમણ એ વૈશ્વિક ચિંતાનો વિષય છે અને ડીકાર્બોનાઇઝેશન પર ગ્રીન હાઇડ્રોજનની અસરને પ્રોત્સાહન આપવા માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારી મહત્વપૂર્ણ છે.

વર્ચ્યુઅલ રીતે ગ્રીન હાઇડ્રોજન પરની આંતરરાષ્ટ્રીય પરિષદને સંબોધતા, શ્રી મોદીએ પ્રકાશ પાડ્યો કે ઉત્પાદનમાં વધારો, ખર્ચમાં ઘટાડો અને માળખાકીય સુવિધાઓનું નિર્માણ સહકાર દ્વારા ઝડપથી પ્રગતિ કરી શકે છે. તેમણે એ વાત પર પણ ભાર મૂક્યો હતો કે આબોહવા પરિવર્તન એ માત્ર ભવિષ્યની બાબત નથી કારણ કે તેની અસર અત્યારે અનુભવાઈ રહી છે.

ભારત સ્વચ્છ અને હરિયાળો દેશ બનાવવા માટે પ્રતિબદ્ધ છે તે વાત પર ધ્યાન દોરતા શ્રી મોદીએ કહ્યું કે G20 દેશોમાં ગ્રીન એનર્જી અંગે પેરિસની પ્રતિબદ્ધતાઓને પૂર્ણ કરનાર દેશ પ્રથમ છે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે આ પ્રતિબદ્ધતાઓ 2030ના લક્ષ્યાંક કરતાં નવ વર્ષ પહેલાં પૂરી કરવામાં આવી હતી.

શ્રી મોદીએ એ પણ રૂપરેખા આપી હતી કે ભારતની બિન-અશ્મિભૂત ઇંધણ ક્ષમતા છેલ્લા દસ વર્ષમાં લગભગ 300 ટકા વધી છે, અને તે જ સમયગાળા દરમિયાન દેશની સૌર ઊર્જા ક્ષમતામાં 3,000 ટકાથી વધુનો વધારો થયો છે.

ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન, ઉપયોગ અને નિકાસ માટે સરકાર ભારતને વૈશ્વિક હબ બનાવવા માંગે છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું કે રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન નવીનતા, માળખાકીય સુવિધા, ઉદ્યોગ અને રોકાણને પ્રોત્સાહન આપી રહ્યું છે. તેમણે નોંધ્યું હતું કે દેશ અદ્યતન સંશોધન અને વિકાસમાં રોકાણ કરી રહ્યું છે. ઉદ્યોગ અને શિક્ષણવિભાગ વચ્ચે ભાગીદારી રચાઈ રહી છે.

# President Awards

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં નર્સોને નેશનલ ફ્લોરેન્સ નાઈટીંગલ પુરસ્કાર એનાયત કર્યા. 1973માં આરોગ્ય અને પરિવાર કલ્યાણ

મંત્રાલય દ્વારા નેશનલ ફ્લોરેન્સ નાઇટીંગલ પુરસ્કાર શરૂ કરવામાં આવ્યા હતા. નર્સો અને નર્સિંગ પ્રોફેશનલ્સ દ્વારા કરવામાં આવતી સમાજ સેવાની કદર રૂપે આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.

# DOT Mobile

સરકારે જણાવ્યું છે કે, સાઇબર ગુના અને આર્થિક છેતરપિંડી સાથે સંકળાયેલા એક કરોડથી વધુ મોબાઇલ જોડાણો રદ કરવામાં આવ્યા છે અને આશરે બે લાખ 27 હજાર મોબાઇલ હેન્ડસેટ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે.

ટેલિકોમ વિભાગે જણાવ્યું છે કે, તેની સંચાર સાથી પહેલની મદદથી આ જોડાણ ઓળખી કાઢવામાં આવ્યા છે. છેલ્લાં પખવાડિયામાં સાડા ત્રણ લાખથી વધુ સ્પામ નંબરના જોડાણ બંધ કરવામા આવ્યા છે અને 50 એકમોને પ્રતિબંધિત કરવામાં આવી છે. આ ઉપરાંત, સત્યતા વિનાના આશરે સાડા ત્રણ લાખ હેડર્સ અને 12 લાખ કન્ટેન્ટ ટેમ્પલેટ્સ બ્લોક કરવામાં આવ્યા છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, ટેલિકોમ વિભાગે ટેલિકોમ નિયમનકારી સત્તામંડળ-ટ્રાઇના સહયોગમાં ગ્રાહકોને સ્પામ ફ્રી ક્વોલિટી ટેલિકોમ સેવાઓ અને હાઇ સ્પીડ ડેટા પૂરો પાડવા માટે કેટલાંક પગલાં ભર્યા છે. ટ્રાઇએ ટેલિકોમ સંચાલકોને રોબોકોલ્સ અને પ્રિ-રેકોર્ડેડ કોલ્સ માટે જથ્થાબંધ જોડાણનો ઉપયોગ કરતા એકમોને પ્રતિબંધિત કરવા નિર્દેશ આપ્યો છે. ટ્રાઇએ ટેલિકોમ સેવાની ગુણવત્તા અંગેનાં નિયમનો સુધાર્યા છે, જે 1 ઓક્ટોબરથી અમલી બનશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. જે આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટ્વિટર હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર abad ને ફોલો કરી શકશો..

# Arvind Kejriwal

કથિત શરાબ નીતિ કૌભાંડમાં જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આજે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. કેન્દ્રીય તપાસ સંસ્થા- સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલા આરોપનામાની નોંધ લેતા વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ ગયા સપ્તાહે શ્રી કેજરીવાલને 11 સપ્ટેમ્બરના રોજ હાજર કરવા વોરંટ જારી કર્યું હતું અને ત્યાં સુધી તેમની ન્યાયિક કસ્ટડી લંબાવી હતી.

અગાઉ સીબીઆઇએ શ્રી કેજરીવાલ અને આ કેસનાં અન્ય આરોપીઓ વિરુધ્ધ પૂરક આરોપનામું દાખલ કર્યું હતું.

કથિત ભ્રષ્ટાચારનાં આ કેસમાં સીબીઆઇ દ્વારા ધરપકડને પડકારતી અને જામીનની માંગણી કરતી શ્રી કેજરીવાલની અરજી પર સર્વોચ્ચ અદાલતે હજુ સુધી તેનો ચૂકાદો આપ્યો નથી.

# DAY VIETNAM YAGI

વિયેતનામમાં, સુપર ટાયફૂન યાગીને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનમાં ઓછામાં ઓછા 141 લોકોના મોત થયા છે, જ્યારે 59 અન્ય લોકો ગુમ છે.

વિયેતનામના નેશનલ સેન્ટર ફોર હાઈડ્રો-મીટીરોલોજીકલ ફોરકાસ્ટિંગે જણાવ્યું હતું કે, રાજધાની હનોઈમાં રેડ રિવર પર પૂરનું સ્તર ભયજનક બન્યું છે.સરકારે થાઓ નદીઓની વધી રહેલી સપાટીને કારણે ભયની ચેતવણી પણ જારી કરી છે.

વાવાઝોડું શનિવારે વિયેતનામના ઉત્તરપૂર્વીય દરિયાકાંઠે ટકરાયું હતું, આ ચક્રવાતે ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તારોમાં મોટાપાયે વિનાશ વેર્યો હતો. ભારે વરસાદને કારણે પૂર અને ભૂસ્ખલન થયું હતું. આ વાવાઝોડુ અગાઉ ફિલિપાઇન્સ અને દક્ષિણ ચીનના ટાપુ હૈનાનમાં ત્રાટક્યું હતું.

# RIJIJU-PORTALS

કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ આજે નવી દિલ્હીમાં તેમના મંત્રાલયની 100 દિવસની સિદ્ધિઓ અંતર્ગત છ પહેલો શરૂ કરી.

આ પહેલોમાં રાષ્ટ્રીય ઇ-વિધાન એપ્લિકેશનની બીજી આવૃત્તિ, ગૌણ કાયદા વ્યવસ્થાપન પ્રણાલી, સલાહકાર સમિતિ વ્યવસ્થાપન પ્રણાલી, રાષ્ટ્રીય યુવા સંસદ યોજનાની બીજી આવૃત્તિ અને એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલનો સમાવેશ થાય છે. સંસદીય બાબતોના મંત્રાલયે કહ્યું છે કે, રાષ્ટ્રીય ઈ-વિધાન એપ્લિકેશનના નવા સંસ્કરણમાં ઘણી અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ પહેલોનો હેતુ કાગળ રહિત કાયદાકીય વાતાવરણ હાંસલ કરવાનો છે. મંત્રાલય એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય યુવા સંસદ સ્પર્ધાની નવી યોજના શરૂ કરી રહ્યું છે. આ યોજનાનો ઉદ્દેશ્ય લોકશાહીના મૂળને મજબૂત કરવાનો અને વિવિધ મંતવ્યો પ્રત્યે સહિષ્ણુતા વિકસાવવાનો છે.

# COAL PRODUCTION

ભારતમાં એપ્રિલથી ઓગસ્ટ વર્ષ 2024 વચ્ચે કોલસાનું ઉત્પાદન 38 કરોડ 40 લાખ ટન કરતાં વધુ હતું, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં 36 કરોડ 10 લાખ ટનની સરખામણીએ 6 ટકા વધુ છે.

કોલસા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલ સત્તાવાર આંકડા એપ્રિલથી ઓગસ્ટ, વર્ષ 2024ના સમયગાળા દરમિયાન દેશમાં કોલસાના ઉત્પાદન અને પુરવઠાની સ્થિતિમાં વધારો દર્શાવે છે. જ્યારે આ સમયગાળા દરમિયાન ઓગસ્ટ મહિનામાં ભારે વરસાદને કારણે ખાણકામને પણ અસર થઈ હતી.

મંત્રાલયે કહ્યું કે, છેલ્લા ચાર વર્ષમાં કોલસાના ઉત્પાદનમાં સતત વધારો થયો છે. ભારતનું કોલસાનું ઉત્પાદન વર્ષ 2019-20માં 73 કરોડ 90 લાખ ટનથી 11.7 ટકા વધીને નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન 99 કરોડ 70 લાખ ટન કરતાં વધુના રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે.

# J&K-FIRING

પાકિસ્તાનની સેનાએ કરેલા ગોળીબારમાં જમ્મુ અને કાશ્મીરમાં એક બોર્ડર સિક્યોરિટી ફોર્સનો જવાન ઘાયલ થયો હતો. પાકિસ્તાની સૈનિકોએ આજે વહેલી સવારે સરહદ પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરીને ભારતીય ચોકીઓ પર બિનઉશ્કેરણીજનક ગોળીબાર શરૂ કર્યો હતો.

અમારા સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે, સતર્ક BSF સૈનિકોએ પણ જવાબી કાર્યવાહી કરી હતી પરંતુ પાકિસ્તાન તરફ જાનહાનિની તાત્કાલિક જાણ થઈ નથી. BSFના પ્રવક્તાએ જણાવ્યું હતું કે લગભગ અખનૂર સેક્ટરમાં સરહદ પારથી ઉશ્કેરણી વિનાના ગોળીબારની ઘટના બની હતી અને જેનો બીએસએફ દ્વારા યોગ્ય જવાબ આપવામાં આવ્યો હતો. પાકિસ્તાની ગોળીબારમાં બીએસએફનો એક જવાન ઘાયલ થયો છે. પ્રવક્તાએ કહ્યું કે સૈનિકો અત્યંત સાવચેત છે અને આંતરરાષ્ટ્રીય સરહદ અને નિયંત્રણ રેખા પર કડક નજર રાખી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, 25 ફેબ્રુઆરી, 2021 ના રોજ બંને દેશોએ યુદ્ધવિરામની નવેસરથી સમજૂતી કરી હતી. આ કરાર બાત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામનું ઉલ્લંઘન થયુ ન હતું પરંતુ આજે આ યુધ્ધવિરામનો પાકિસ્તાન સેના દ્વારા ભંગ કરાયો હતો.